# ગુજરાત જાહેર સેવા આયોગ

છ-૩ સર્કલ પાસે, છ રોડ, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.


**આયોગ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ જા.ક્ર. 03, 0૪, 0૫ અને 0૬/૨0૨૬-૨૭ સંબંધિત અગત્યની સુચના.**

આયોગ દ્વારા ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧, ગુજરાત મુલ્કી સેવા, વર્ગ-૧ અને વર્ગ-૨ તથા ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા, વર્ગ-૨ સંવર્ગની વિવિધ જગ્યાઓ પર ભરતી કરવા માટે જા.ક્ર.0૫/૨0૨૬-૨૭ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. પ્રસ્તુત જાહેરાતની પ્રાથમિક પરીક્ષા બાદ તા.30/0૭/૨0૨૬ ના રોજ ફાઇનલ આન્સર કી તથા મુખ્ય લેખિત પરીક્ષા માટે પાત્ર ઉમેદવારોની યાદી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. સદર મુખ્ય લેખિત પરીક્ષા માટે પાત્ર થયેલ ઉમેદવારોની યાદી પ્રસિધ્ધ થયા બાદ, પ્રસ્તુત જાહેરાતની પ્રાથમિક પરીક્ષાની ફાઇનલ આન્સર કી ના અમુક પ્રશ્નોના જવાબોને પડકારતી વિવિધ પીટીશન્સ નામ. વડી અદાલતમાં દાખલ થયેલ છે. આથી, પ્રસ્તુત પીટીશન્સ પરત્વે નામ. વડી અદાલતનો ચુકાદો / જજમેન્ટ સદર જાહેરાતના તમામ ઉમેદવારો માટે બંધનકર્તા રહેશે, અને ત્યારબાદ, સદર જાહેરાત માટેની મુખ્ય લેખિત પરીક્ષા યોજવામાં આવશે, જેની સંબંધિત તમામ ઉમેદવારોએ નોંધ લેવી.

વધુમાં, આયોગ દ્વારા પ્રસિધ્ધ થયેલ જા.ક્ર. 0૫/૨0૨૬-૨૭ ની પ્રાથમિક પરીક્ષાનું પેપર તથા જા.ક્ર. 03/૨0૨૬-૨૭ (મદદનીશ વન સંરક્ષક, વર્ગ-૨ અને પરિક્ષેત્ર વન અધિકારી, વર્ગ-૨), જા.ક્ર. 0૪/૨0૨૬-૨૭ (હિસાબી અધિકારી, વર્ગ-૧) અને જા.ક્ર. 0૬/૨0૨૬-૨૭ (હિસાબી અધિકારી,વર્ગ-૨) ની પ્રાથમિક પરીક્ષાના ભાગ-૧ નું પેપર એકસમાન હતું. આથી, સદર ત્રણેય જા.ક્ર. 03/૨0૨૬-૨૭, જા.ક્ર. 0૪/૨0૨૬-૨૭ અને જા.ક્ર. 0૬/૨0૨૬-૨૭ ની મુખ્ય લેખિત પરીક્ષા માટે પાત્ર ઉમેદવારોની યાદી, નામ. વડી અદાલતનો ચુકાદો / જજમેન્ટ આવ્યા બાદ જાહેર કરવામાં આવશે, જેની સંબંધિત તમામ ઉમેદવારોએ નોંધ લેવી.

સહી/-

નાયબ સચિવ

તા.૨૭/0૮/૨0૨૬ ગુજરાત જાહેર સેવા આયોગ